કે. એલ. વસાવા
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નોર્થ ઝોન(કતારગામ)

નોર્થઝોન/આઉટવર્ડ/નં.૮૪૫૧
તારીખ :– ૧૭/૧૦/૨૦૨૬

**–: સંમતિ પત્ર:–**

**પ્રતિ,**
**ઈજારદારશ્રી,**

**વિષય:**– નોર્થ ઝોન(કતારગામ)વિસ્તારમાં વિવિધ તહેવારો તથા પ્રસંગોની ઉજવણી માટે વિવિધ લોકેશનો પર વાર્ષિક રેઈટ ધોરણે યુનિટ રેઈટથી મંડપ સર્વિસ પુરી પાડવાનુંકામ.

**સંદર્ભ :**–(૧)સ્થા.સ.ઠ.નં.૧૪૩૭/૨૦૨૬, તા.૧૪/૦૮/૨૦૨૬થી મંજુર થયેલ યુનીટ રેઈટનાં ભાવે અને શરતે.

(૨) મે.ડે.મ્યુ. કમિશનરશ્રી ની તા.૧૫/૧૦/૨૦૨૬નારોજની મંજુરી.

**મહાશય,**

નોર્થ (કતારગામ)ઝોન વિસ્તારમાં વિવિધ જગ્યાએ જુદા જુદા તહેવારો તથા વિવિધ પ્રસંગોએ યુનિટ રેઈટ ધોરણે મંડપ સર્વિસ પુરી પાડવાનું કામ સંદર્ભ (૧) મુજબ સ્થા.સ.ઠ.નં.૧૪૩૭/૨૦૨૬, તા.૧૪/૦૮/૨૦૨૬ થી મંજુર થયેલ યુનીટ રેઈટનાં ભાવે અને શરતોને આધિન અંદાજીત રકમ રૂા.૭૪,૯૭,૫૭૩.૦૦ પૈ.(G.S.Tસિવાય)ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૨)હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં **તા.૦૩/૧૧/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૭૫,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૧૪,૯૯,૫૧૯.૦૦ પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (**Form 3A/Work Completion Certificate**)ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

**ઈજારદારે છેલ્લા ૦૭ (સાત) વર્ષના સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ**

- અંદાજીત રકમના ૪૦% એટલે કે રૂા.૨૯,૯૯,૦૩૭/– કે તેથી વધુ રકમ ના ૦૩(ત્રણ) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

- અંદાજીત રકમના ૫૦% એટલે કે રૂા.૩૭,૪૮,૭૯૬/– કે તેથી વધુ રકમ ના ૦૨(બે) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

- અંદાજીત રકમના ૮૦% એટલે કે રૂા.૫૯,૯૮,૦૭૪/– કે તેથી વધુ રકમ ના ૦૧(એક) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનુંરહેશે.

૭. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિતરહેશેતે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯.તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલનકરવાનુંરહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુરથયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબકરવાની રહેશે.

૧૩. સદરકામે પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણુંઅલગથી કરવામાં આવશે.

SD/-
**કાર્યપાલક ઈજનેર**
**નોર્થ(કતારગામ)ઝોન**
**સુરત મહાનગરપલિકા**

ગજેરા સ્કુલની પાછળ, રામજીકૃપા રો–હાઉસની બાજુમાં,સુરત. ટેલીફોન નં.૨૪૮૦૫૬૪
E-mail - exen.nz@suratmunicipal.org Mo.No.70165 55784